સાલ : ૨૩ / સિલસિલાવાર નંબર : ૧૯૧ / શુમારો : ૫ — ફુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — રમઝાનુલ મોઅઝ્ઝમ - શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૭ / માર્ચ - એપ્રિલ ૨૦૨૬

## શહરૂલ્લાહનો ખૈર મકદમ

અલ્લાહતઆલાએ હર ચીઝની કિસ્મોમાં કોઈ એકને ઉંચાઈ, ટોચ અને બલંદી આપી છે, જેને સરદાર કહેવાય છે. હયવાનનો સરદાર ઘોડો છે. પરિંદાનો સરદાર મોર છે. જંગલના ફાડી ખાનાર જાનવરોમાં સિંહ-અસદ સરદાર છે. ઝમીનમાં ખનીજ-મઅદિનનાં સરદાર સોનું છે. દિનોનાં સરદાર યૌમુલ જોમોઅહ છે. નબીઓના સરદાર મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે અને વસીઓના સરદાર મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) છે. તેમ મહીનાઓના સરદાર શહરૂલ્લાહ છે. શહરૂલ્લાહને પોતાના નામ સાથે જોડીને અલ્લાહતઆલાએ તેને મુઅઝ્ઝમ અને મુકર્રમ બનાવા છે. જેની નિસ્બત અલ્લાહના નામ સાથે હોય તેની ખુસૂસીયત અને ખૈરો ખૂબી પણ ઝિયાદહ હોય. આમ તો બાર મહીના તમામ ખુદાતઆલાના જ છે. પણ કુરઆને કરીમમાં કોઈ મહીનાની ઝિક્ર શહરૂલ્લાહ સિવાય આવી નથી. એ પણ પૂરા વકાર સાથે, "**શહરો રમઝાન**" નાં નામથી. તમામ મહીનાના નામ એકલા લેવાય છે. પણ રમઝાનને આગલ "શહર" બોલવું અદબ અને તાઅઝીમ છે.

જેમ આસ્માન પરથી અલ્લાહતઆલાની રહમતનો આબે બારા નાઝિલ થાય છે, પાનીનો ઝમીન પર નુઝૂલ થાય છે, તે પહેલા ઘણા આસાર અને ભૌતિક-તબીઈ અલામાત-નિશાનીઓ ઝાહિર થાય છે, જે વરસાદની આમદની પૈશગોઈ કરે છે. હવા-ફિઝામાં ભેજ, હુંફાટ, ઠંડી હવા, વાદલોનું ચઢી આવી અંધારૂં કરવું, વગૈરહ વરસાદ થાવાનાં આસાર હોય છે.

આ જ શાકેલત પર બાદશાહની સવારી કોઈ જગા-ગામ-શહેર પર પધારે, તે પહેલા તેના ઈસ્તિકબાલ ખુશ-આમદીદ વાસ્તે મકામી લોગોમાં એલાન, તેના રૂત્બા અને રોઅબો જલાલ અને સલતનતનાં કમાલને આશકાર કરવા આઅલા તરીકાનો ઈન્તેઝામ અને એહતેમામ, મરહબા કહેવા લોગોનું રસ્તાઓ પર બા-અદબ તસ્લીમો તાઅઝીમ વાસ્તે ઉભા રહેવું અને બાદશાહ-અમીરની આમદની હર દિલ પર ખુશીનો ઈઝહાર અને તોહફા-હદીયા, કરમ અને નવાઝિશ સવારી સાથે હમરાહ લાવવા અને લોગોને ખુશ કરવા રોશનાઈ, રાઅનાઈ, ઝૈબો ઝીનત થાય, તો જ બાદશાહ પણ અવામ સાથે ખુશ થાય. તેની આમદની ખુશીમાં તરહ-તરહના અલ્લાહની નેઅમતનાં દસ્તરખ્વાન પર જમનો કે બાદશાહને થાય કે, લોગોએ કેટલા શૌક, મશક્કત અને અકીદતથી મને વધાવા છે. બાદશાહનો તે શહેરમાં જહાં જશન ચાલે વહાઁ તક ખાસો-આમમાં ચહલ-પહલ અને એના કરીબના લોગોને દરમિયાન એની નવાઝિશાત, ઈન્આમો ઈકરામ અને ખિદમત ગુઝારોની હૈસીયત મુતાબિક તેઓની હોંસલા અફઝાઈ, જહાઁ તક એ વદાઅ નથી થાતા વહાઁ તક જારી સારી રહે છે.

ખુદાતઆલાની રહમતનાં વરસાદનાં પાનીની ઠંડકથી જેમ શહેરીઓના દિલોમાં ઈત્મિનાન-સુકૂન અને socially-psychologically fully positively charged થઈ જાય છે, તેમ મુમેનીન શહરૂલ્લાહ થી થાય છે જે આઅલા શાનાતનાં મહીના છે. ખુદાના ખલ્ક પર મુમેનીનને દરમિયાન અઝીમ-ગિરાઁકદ્ર મહેમાન છે. (બકીયહ પેજ નં. ૨ પર)

**" હયાતે તૈયેબહ ", મુમિનની બહેતરીન અખ્લાકવાલી અને પાકો સાફ ઝિંદગી છે.**

(પેજ નં. ૧ નું બાકી)

**તમામ દુનિયા અને દીનની નેઅમતો સાથે પધારે છે** જે ઈબાદતગુઝારમાં ઝહેની સલાહીયત અને માઅરેફતે શરઈ, ઈજતેમાઈ, રૂહાની, મઝહબી અને જિસ્માની ની અહમીયત ન સમઝી શકે છે. તેઓ ગરમજોશી સાથે ઈસ્તિકબાલ કરીને તેના આમદને વધાવે છે. તેના વાસ્તે જે હક્ક અને ફરઝ વાજિબ છે તે બરાબર નિભાવે છે.

હર કિસમની ઈબાદતનો બેશુમાર સવાબ છે, જેનો રસ્તો જન્નત તરફ મિલે છે. એવા આ મહિનાનો એક પલ પણ મુમેનીન ઝાયેઅ નથી કરતાં. અલ્લાહતઆલાનું એહસાને અઝીમ છે કે, હમને દીને કામિલ, હિદાયતના કિતાબ અને કલેમએ શહાદતની સૌગાતથી નવાઝા છે, જે બંદાઓને જન્નત તરફ ખેંચી જાય છે. તેથી આવો આવો મુમેનીન ! આ ઈલાહી મહેમાનને વધાવી લઈને રબ્બ તઆલાને એના જ મહીનામાં ઈબાદતથી દિલોને મુનવ્વર કરીને ખુશ કરી દઈએ. અજરો સવાબથી હમારા દામનને ભરી દઈએ. જહન્નમથી આઝાદ થઈ જઈએ અને બંદગીની ચાવીથી જન્નતનાં બંધ દરવાઝને ખોલીને મૌત પહેલા હમારી જગા ને મુકર્રર કરી લઈએ... આમીન. ✯

## પાની - અપની ઝબાન

પાની એક અઝીમ નેઅમત છે. ઈન્સાનની ઝિંદગી વાસ્તે તે એક હિવી ઝરૂરી ચીઝ છે કે, જેના બગૈર આ દુનિયામાં રહેવાનો તસવ્વુર નામુમ્કિન થઈ જાય. પાનીના પીવાસી હરએક પ્યાસા ના દિલને તસ્કીન અને તમક્કુન થાઈચ. જિસ્મમાં એક તરહની તાઝગી અને તરાવત પૈદા થાઈચ. તેનાસી સેહત અને તાકત બરકરાર રહેચ.

અપની કિતાબોમાં બયાન આવેલું છે કે, પાની ઝિંદગીનો સરચશ્મો છે. તે શિફા વાસ્તે આઅલા નુસ્ખો છે. પાની પર કુરઆને કરીમની આયતો અને તસ્બીહોની વિર્દ કરીને અલ્લાહતઆલાના હક્કના સાહેબ, દાઈએ અમીન દમ કરે, ફૂંક મારે યા પોતાના દસ્તે મુબારકની બરકત આપે તો તે પાની પછી આમ પાની નથી રહેતું પન તેમાં ખુસૂસી અસર પૈદા થાઈચ અને મરીઝ યા હાજિતમંદ પર અલ્લાહતઆલાનો કરમ થાઈચ અને એની આફીયતી અને કઝાએ હવાઈજ ના દરવાઝા ખુલી જાઈચ.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવેચ કે, **"તમેં પાની પીવો તો મારા ઉપર અને મારી આલ પર ઝરૂરસી સલવાત પઢજો.** કેમકે, મારા અહલે બૈત ને જિમ આગલા નબીઓ પર પાનીને બંધ કરીને ઈઝા દેવામાં આવીચ, તિમ તકલીફ આપવામાં આવસે." મુમેનીન વાસ્તે પાની મુબાહ છે, તમામને વાસ્તે આમ છે, તે અહલે બૈતની દોઆઓના સબબ છે. અલ્લાહતઆલાનો હમેં શુક્ર કરીએ કે, અહલે બૈતના વસીલહસી હમને પાની મયસ્સર થાઈચ. પાની પીતી વક્ત હમારા પર આપના વાસ્તે સલવાત પઢવી અને આપના દુશ્મનો પર લાઅનત બોલવી વાજિબ છે.

રસૂલુલ્લાહ બાવાજી જે વક્ત પાની પીતા તો તન-ત્રણ ઘૂંટમાં પીતા હતા. પહેલા ઘૂંટ પર આપ નબી સાહેબ **"બિસ્મિલ્લાહ"** બોલતા હતા, બીજો ઘૂંટ આહિસ્તાસી પીને ઊંડો સૉંસ લેતા હતા અને તીજા આખિરી ઘૂંટ બાદ **"અલ્હમ્દો લિલ્લાહ"** બોલતા હતા. યાઅની કે, પાનીને આપ ખૂબ કીમતી અને અઝીમ નેઅમત માનતા હતા અને ચૂસી-ચૂસીને પીતા હતા. પાની પર નઝર કરીને બરાબર જોઈને પીતા હતા. આના પરસી હમેં અંદાઝો લગાવી સકીએ છે કે, પાનીને કિતલું સાચવીને અને સોચીને વાપરવું જોઈએ અને તેના હર ઘૂંટ પર અલ્લાહતઆલાનો શુક્ર અદા કરવો જોઈએ.

---

**દીને હક્કની અસલીયત અને બુનિયાદ પર કાઈમ રહેવું, તે હયાતે તૈયેબહ છે.**

**તબસ્સુમ સાથે કોઈનો ઈસ્તિકબાલ કરવો, તે હયાતે તૈયેબહ છે.**

**કનાઅત – જે હોય તેના પર શુક્ર, તે હયાતે તૈયેબહ છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૯

ચોથા ઈમામે ફાતેમી મૌ.મોહંમદ અલ-બાકિર (અ.સ.) આપના ચંદ અસ્હાબને વસીયત કરતા ફરમાવું કે, “તમેં સઘલા મૌતને ઘણા-ઘણા યાદ કરતા રહો, સબબ કે, જે પણ શખ્સ **મૌતને ઝિયાદહ યાદ કરશે** તે દુનિયામાં ઝોહદ કરશે જ.” યહાઁ ઝોહદની માઅના પરહૈઝગારીની છે. ઝાહિદ શખ્સ પાસે દુનિયાની તમામ નેઅમતો મૌજૂદ હોય, રાહતનો સામાન મુહય્યા હોય, મકાનાત-મુલાઝેમીન-દૌલત બધું જ હાઝિર હોય, તો પણ એની ઝિંદગી આમ હોય, સાદી હોય, સલીસ હોય, રિયાકારી-તકબ્બુરી-હસદખોરી બગૈરની હોય, કનાઅત-સબર-શુક્રવાલી ઝિંદગી હોય.

ઝોહદ કરનાર ઝાહિદ શખ્સ જાણે છે કે, એના પહેલા જેટલા લોગો આ દુનિયામાં આવા એના શું હાલ થયા છે ! તેઓના માલો દૌલત, મિલકીયત, સરવત કહાઁ ગયા છે ! આટલી બધી ચીઝો તેઓ પાસે હોવાના બાવજૂદ શું તેઓને સુકૂને દિલી હતું ? શું તેઓ રાહતની નિંદ લઈ શકતા હતા ? જમાઅ કીધેલી દૌલતથી ઈઝ્ઝતને પૈદા કરી શકા ? તેઓ પોતાના સાથે આઅમાલ સિવાય આ દુનિયામાંથી કઈ લઈ જઈ શકા ? પરહૈઝગારી સિવાય આ દુનિયામાં મૌત બાદ કોઈ ચીઝ વાસ્તે ઈઝ્ઝત અને એહતેરામ છે ?

ઝાહિદ જે વક્ત આ તમામ કૈફીયત અને નુક્તાઓ પર નઝર કરે છે, ફિકર કરે છે, તો એને લાગે છે કે, પોતાને વાસ્તે જ દૌલતને જમાઅ કરવી એ વક્તને ઝાયેઅ કરવું છે. જો અગર અલ્લાહતઆલા દૌલતની નેઅમતથી કોઈને નવાઝે તો એના ઉપર લાઝિમ છે કે, **એ એનું દિલ ફૈઝ અને ખૈરથી ભરી દે.** આનો નતીજો એ થાશે કે, એ એની દૌલતથી બેપરવાહ અને બેફિકર થઈ જાશે. એના ઈસ્તેમાલ વાસ્તે થોડી જ રહેવા દેશે અને મોટો હિસ્સો એ એના ખાનદાન, રિશ્તેદારો, પાડોશીઓ, કબીલો, મુમેનીન, આમ લોગો અને સાઈલો વાસ્તે વકફ કરી દેશે. તેઓ વાસ્તે એ આઅલામાં આઅલા અને બહેતરમાં બહેતર ફૈઝના કામો લઈને ઉઠશે. એના વાસ્તે પહેલા “ **પોતાને વાસ્તે** ” નહીં પણ પહેલા “ **બીજા વાસ્તે** ” નો તસવ્વુરે પાકીઝા બંધાઈ જાશે.

આ મુજબ થાવું એ ઝોહદતની આઅલામાં આઅલા નિશાની છે. એ શખ્સ હર પલ મૌતને અને આખેરતને યાદ કરશે. એની નઝરમાં આ દુનિયાની ફાની થાનારી દૌલત એને વાસ્તે આખેરતની બાકી રહેનારી દૌલતમાં કઈ તરહ તબ્દીલ થાય, **એની ફિકરમાં એનું ઝહેન ચાલતું રહેશે.** એ ચાહશે કે, એના પાસે દૌલત આવા કરે અને એ બીજા ઉપર અને બીજા વાસ્તે તેને કુરબાન કરતો રહે, મદદ કરતો રહે, ખુશ કરતો રહે, મુશ્કિલીને આસાનીમાં બદલતો રહે, તકલીફને રાહતમાં પલટાવતો રહે અને ગમમાં ખુશીને દાખિલ કરતો રહે.

મહેનતકશ શખ્સ જે મઝદૂરી કરતો હોય એને એના રોઝાના પગાર, ઉજરત, હાઝિરી, મહેનતાનું, સિલો વગૈરહનો બેસબરીથી ઈન્તેઝાર હોય છે. તે જ મુજબ એક ઝાહિદ શખ્સ દીનદારી, દિયાનતદારી, પરહૈઝગારી માં ખૂબ મહેનતથી કામ લે છે. તદબીરો કોશિશ કરા જ કરે છે. આલસ કે તાખીર એનાથી બરદાશ્ત થાતી નથી. નિય્યતમાં કુસૂર અને ખામી એના વાસ્તે દાગ અને ઐબ છે. એ ચાહે છે કે, એના ખૈરની મહેનતનો સિલો કમ ના થાય, ઝાયેઅ ના થાય, લેહાઝા, એને તે વાસ્તે ખૂબ ઈન્તેઝાર રહે છે. **આ ઇન્તેઝાર મૌતની યાદને તાઝા કરાવે છે.** અજરો-સવાબ મિલવાની ચાહતને જગાવે છે. આ ચીઝ એને ઝોહાદતના દાએરાથી બાહર નિકલવા દેતી નથી અને આ તરહ એનો હર અમલ ફરિશ્તાઈ તૌર-તરીકાથી વાબિસ્તા થઈ જાય છે.

(બકીયહ પેજ નં. ૧૨ પર)

**ઝોહાદત – ઓછામાં ઓછી ચીઝો સાથે રહેવું, તે હયાતે તૈયેબહ છે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો
### કિસ્ત - ૨૬

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન ૧ ૨ સુન્નતોમાંથી છઠ્ઠી સુન્નત સચ્ચાઇ અને વફાદારીની છે. આના વાસ્તે ખુદાતઆલા પોતના કલામે મુફીદમાં ફરમાવે છે કે, મુમેનીનમાંથી એવા મરદો છે કે, જેઓએ ખુદાતઆલાને જે વચન આપું છે, અહદ કીધો છે તેને હર હાલમાં સાચો સાબિત કીધો, ઝબાનથી વચન-મીઆદ આપીને પોતાની હૈસીયત મુજબ જિસ્માની-નફસાની જેહાદ કરીન બતાવી. આ જેહાદના સબબ તેઓમાંથી કેટલાક વફાત થઇ ગયા, શહીદ થઇ ગયા અને કેટલાક એવા છે જે તે વાસ્તે ઈન્તેઝાર કરે છે. આ અહદ એટલો પાકો હતો કે, તેમાં ઝર્રા બરાબર પણ તબ્દીલી ના લાવા અને કોઇ પણ બહાનાનો સહારો લઈને ફેરફાર ના કીધો.

મુમિન પર વાજિબ છે કે, હરએક બાબતમાં સાચું બોલે. હક્કની વાત કહેવામાં ગમે તેવી મુસીબતો ઉપાડવી પડે તો સહેન કરે, બરદાશ્ત કરે, મગર સચ્ચાઈને ના છોડે અને વચનને બરાબર પાલે, વફાદારી છોડીને બેવફાઇ ના કરે કે દગાબાઝ ના બને. ખુદાતઆલા મુખ્તલિફ તૌર-તરીકાથી ફરમાવે છે કે, અય ઈમાનદારો ! તમેં અહદોને-વચનોને વફા કરો. **સાચા અને ઇઝ્ઝતદાર લોગો તો એ છે કે, ખુદાને આપેલા અહદને વફા કરે છે, નિભાવે છે, તોડતા નથી.** જે વક્ત તમેં ખુદાને કોઇ અહદ આપો તો તેને બાખૂબી-બિલા કુસૂર અદા કરજો. સખ્ત કસમો ખાધા પછી તેને હરગિઝ તોડશો નહીં. આ તમામ અહદો અને કસમોની પૂછની થાશે, તમને તે વાસ્તે જવાબ આપવો પડશે. યાદ રાખજો ! ચંદ અને ખાસ લોગો જ તેને વફા કરે છે અને મોટા ભાગના લોગો તેને તોડી નાખે છે અને તેઓને ઝર્રા બરાબર પણ તે વાસ્તે ફિકર હોતી નથી, ધ્યાન રહેતું નથી.

આ તો ખુદાતઆલાને અહદ આપવાની અને તે મુજબ અમલ કરવાની વાત થઇ, પણ એ ખયાલ રહે કે, આ જ મુજબ તમેં આપસમાં એકબીજા સાથે સાચી વાતમાં જે કૌલ-કરાર કરો, કોઇને નાનામાં નાનું વચન આપો, કોઇનું કામ કરવાનું માથે લો, કોઈના તમેં ઝામિન બનો તો તે વાસ્તે પણ વફાદાર રહો. **એમ ના થાવું જોઇએ કે, તમેં કોઇ ચીઝ સોચા-સમઝ્ઝા બગૈર મૂँહથી તો કહી દો પણ તે મુજબ કામ જ ના કરો.** સનદે કુરઆન મુજબ જે શખ્સ ઝબાનથી બોલે અને અમલ ના કરે તે જૂઠો છે, કાઝિબ છે, મક્કાર છે અને એવા લોગો પર ખુદાતઆલાની લાઅનત છે. તેઓ ખુદાના ઐન દુશ્મનો છે.

નબી સાહેબ ફરમાવે છે કે, મુનાફિક શખ્સની ત્રણ નિશાનીઓ છે :

(૧) વાત-વાતમાં જુઠું બોલવું.

(૨) વાઅદો કરીને પલટી જાવું, તેને પૂરો કરવો નહીં.

(૩) કોઇ એને અમાનત સોંપે, અમીન બનાવે તો તેમાં ખયાનત કરવી, ચોરી કરવી.


મદીનામાં બનું કુરૈઝહમાં એક એવો વાકેઓ બનેલો છે જે ખૂબ જ સબકઆમૌઝ છે. ભલેને લોગો ખુદને અહલે ઈસ્લામ કહેતા હોય યા નબી સાહેબને માનતા હોય, પણ તેઓના અમલથી માઅલૂમ પડી જાય છે કે, **તેઓના દિલોમાં નિફાક છે, કડવાહટ છે,** ફક્ત મોહબ્બત તેઓની ઝબાન પર જ છે. આવા લોગો ઝમાનામાં ઘણા થાશે અને હર વક્ત તેઓના જ સબબ દીને હક્કને નુકસાન થાશે અને અસલી ઈમાનદારોને શરમિંદા થાવું પડશે.

અહઝાબની લડાઈથી ફારિગ થઈને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મદીનામાં પધારા અને હજી આપે બકતર તો ઉતારૂં નથી, હથિયાર મુકા નથી કે, હુક્મે ઈલાહી આવો કે, બનું કુરૈઝહના કિલ્લા ઉપર ચઢાઇ કરો અને મુનાફિકો ને ઝૈર કરો. (બકીયહ પેજ નં. ૧૬ પર)

**મવદ્દત – મુખ્લેસાના મોહબ્બત રાખવી, તે હયાતે તૈયેબહ છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**



૧) અલ્લાહતઆલાએ રમઝાનુલ મુઅઝ્ઝમના મુબારક મહીનામાં કુરઆને કરીમને નાઝિલ ફરમાવા અને લોગો વાસ્તે હિદાયતનો સામાન મુહય્યા કીધો. “લોગો” ને અરબીમાં શું કહેવાય છે? (૨)

૨) શહરૂલ્લાહમાં મુમેનીન પર વાજિબ છે કે, આપસી કીનો અને કદૂરતને પોશીદા કરી દે. જેમ એક મૈયેતને ----- કરવામાં આવે છે, તેમ દુશ્મનાવટને છુપાવી દે. (૩)


૩) સૈ.જીવાભાઇ ફખરૂદીન સાહેબે (ક.રૂ.) એ મુજબ મઝબૂત ---- કીધી કે, ઘણી બિદઅતો આપના સબબ જમાઅતમાંથી દૂર થઇ ગઇ. (૩)

૭) કોઇ બધી નમાઝો વાસ્તે મસ્જિદમાં આવે તો ----- એમ સમઝવું ના જોઇએ કે, એના તમામ ગુનાહોં મુઆફ થઇ જાશે. મગર આ તો એના દિલના ઈખ્લાસ પર દારોમદાર રાખે છે. (૨)

**❋ આડી તરકીબ :**

૨) શહરૂલ્લાહનો આખિરી ------ ઘણો જ અહમ છે. કેમકે, તેમાં અલ્લાહતઆલાથી જન્નત-તલબી અને જહન્નમથી આઝાદીનો સવાલ મુમેનીન કરે છે. (૩)

૪) અરબી ઝબાનના ૧૪ હુરૂફ (આલ્ફાબેટ) એવા છે કે, જે કુરઆને કરીમની મુખ્તલિફ સૂરતોમાં તૂટેલા-તૂટેલા ઈસ્તેમાલ થયા છે. એક હરફથી લઇને પાઁચ હરફો તક અલગ-અલગ તરહ આવેલા છે. એવી ત્રણ સૂરતો છે જેની ઈબ્તેદા એક જ તૂટેલા હરફથી થાય છે. તે છે “સાદ”, “નૂન” અને “------”. (૨)



૫) કોઈ મરઝ એવા હોય છે, જેમાં દવા કારગર થાય છે, તો કોઇ બીમારી એવી હોય છે, જેમાં ----- દોઆથી થાય છે. (૨)

૬) દાઈયુલ્લાહિલ મુબીનના બયાનાતને એ તરહ સાંભલવા જોઇએ કે, હમારા દિલો દિમાગમાં આપના નૂરાની કલેમાત મોહર થઈ જાય, ---- થઈ જાય. (૩)

**લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ** : લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ❋

(પેજ નં. ૬ નું બાકી)

તુંએ દુનિયામાં મારા પાસે હાથ ફેલાવા છે અને મૈં તુંને બેઇઝ્ઝત કીધો છે, મગર આજે મારા પર વક્ત એવો છે કે, મૈં તારા પાસે હાથ ફેલાવું છું અને પાનીના એક બુંદની ભીખ માંગુ છું. મને યકીન છે કે, તું મને નાઉમ્મીદ નહીં કરે, મને બેઇઝ્ઝત નહીં કરે. ગૈબી નિદાથી એ જહન્નમીને કહેવામાં આવશે કે, “તું જે ચાહે છે તે બિલકુલ નહીં બને. તું તારી ઝાત પર અફસોસ કર કે, તારી દૌલત તુંને કઇ કામ ના આવી. ઝમાનાના નબી મૌ.ઈબ્રાહીમ (અ.સ.) ની કદર તુંએ ના જાણી, તું કાફિર રહ્યો, **“સલામ”** ના સાહેબ તારા નઝદીક હતા, મગર તુંએ સાફ ઈન્કાર કીધો. આનાથી બરખિલાફ તારો ખાદિમ આજે તારા કરતા દરજામાં બલંદ છે. નબી સાહેબના સાયએ શફકતમાં છે, એમની સોહબતમાં છે અને તરહ-તરહની નેઅમતોથી ફૈઝયાબ છે. તું પાનીની એક બુંદ વાસ્તે તરસી રહ્યો છે અને તારો ખાદિમ, એના ઈમાનના સબબ રાહતમાં છે અને આગૌશે જન્નતમાં છે.” ❋

**સખાવત - કહ્યા બગૈર દૌલતને ખર્ચ કરી દેવી, તે હયાતે તૈયેબહ છે.**

## સલામ – અદના કિસ્મો

**કિસ્ત - ૨**

"સલામ" વાસ્તે ૭ આઅલા કિસ્મ શરીઅતના ૭ ફરઝો-અરકાન મુજબ છે જેના ઉપર ચાલવું હર મુમિન પર લાઝિમ બને છે. આ ૭ કિસ્મનો રિશ્તો અને તઅલ્લુક અલ્લાહતઆલા અને તેના ફરિશ્તા સાથે હોય છે. આ આઅલા કિસ્મોને સાથે-સાથે ૧ ૨ અદના કિસ્મો પણ હોય છે જે શરીઅતની ૧ ૨ સુન્નતો તરફ ઈશારો કરે છે. આનો રિશ્તો-નાતો બશર-ઈન્સાન સાથે હોય છે. આઅલા કિસ્મ રૂહાની આલમ સાથે તઅલ્લુક રાખે છે અને અદના કિસ્મ જિસ્માની આલમ સાથે જોડાણ રાખે છે. ગયા શુમારામાં હમેં કારેઈનને ઈફ્તેતાહીયહમાં "**સલામ**" ના મઝમૂન માતહત ૭ આઅલા કિસ્મોની બયાની કરી ચુકા છે. આ શુમારામાં બીજી ૧ ૨ કિસ્મો તરફ નઝર કરીશું.

→ **૧૨ અદના કિસ્મો :**

(૧) સુરતુલ વાકેઅહ : હવે અગર એ મુમિન જે વફાત થયા છે, અસ્હાબુલ યમીન-જમણી તરફ વાલાઓ માંથી હશે તો પછી આપ નબી સાહેબને "**સલામ**" પહોંચે તે અસ્હાબુલ યમીન વાલાઓ તરફથી.

આ અસ્હાબુલ યમીનના ઘણા ઊંચા દરજાઓ છે. તેઓ જન્નતના લોગો છે કે, જે નબી સાહેબ પર સલામ પઢશે. જે વક્ત મૌત આવવા પર કોઈ મુખ્લિસ મુમિનની જાન એના હલક તક પહોંચે છે, તો એને જન્નતની મંઝિલો બતાવવામાં આવે છે. અગર અહલુલબૈત અને આપની આલે અત્હરની દાઅવતે શરીફહને એ મુમિન કરીબ છે, મુકર્રબ છે. માઅરેફત રાખનારો છે, જાનો માલ ફિદા કરનારો છે, તો એને રાહતે કબર, રિઝક, મગફેરત અને નેઅમતે અબદીયહ, યાઅની **હમેશા-હમેશાની રાહત, રોઝી અને નવાઝિશ હાસિલ થાનારી છે.** આ શખ્સનું ઈમાન એવું છે કે, એ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને એમના હક્ક, દરજહ અને રૂત્બહ મુજબ માનનારો છે, આપના શીઆ માંથી છે તો એને કહેવામાં આવે છે કે, તમારા ઉપર સલામ છે, તમારા સાથીઓ, અસ્હાબુલ યમીન તરફથી કે જેઓના હાથોમાં ગદીરે ખુમ્મના મીસાકની બરકત છે અને દિલોમાં ઈમામે હક્કની મહબ્બત છે, તેઓ તમને સલામતીનો પૈગામ આપે છે અને મુબારકબાદી આપે છે કે, તમારા ઉપર અઝાબે જહન્નમ રદ્દ કરવામાં આવો છે.

આ હાલાતથી બિલકુલ બરઅક્સ અને ખિલાફ એ હકીકત છે કે, જેના ઈન્કારની કોઈ જ ગુંજાઈશ રહેતી નથી. એ મરનાર શખ્સ જો કાફિર છે, મુનાફિક છે તો એના વાસ્તે આફત જ આફત છે. પછી નેઅમત નથી બલ્કે નિકમત છે, દર્દનાક અઝાબ છે. મૌ.અલી અને આપ મૌલાની આલે અત્હરના ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના ફરિશ્તાઈ મુમેનીન તરફથી ગરમ પાની, બદબૂદાર પીપ અને ધગધગતી આગથી જહન્નમમાં મહેમાની અને ઈસ્તિકબાલ કરવામાં આવે છે. "સલામ" ની જગા પર એના મૂઁહમાં આગની લુગામ છે. "**સલામ**" તે મહબ્બત જ મહબ્બત છે. જે જગા નફરત અને ઈન્કાર છે તે જગા "**સલામ**" નો એક શમ્મો પણ નઝર નહીં આવે.

મૌ.ઈસા રૂહુલ્લાહ (અ.સ.) સખ્ત કલામમાં આની વઝાહત અને બયાની કરે છે કે, એક અય્યાશ, નાફરમાન, ચાલસાઝ શખ્સને જહન્નમી કરાર આપવામાં આવો. એ ખૂબ ગમનાક અને શરમિંદા થયો અને પોતાની ઝાત પર અફસોસ કરવા લાગો. એ માલદારનો એક ખાદિમ ફકીર જન્નતમાં નબી ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ની ગોદમાં એને નઝર આવો. એ ખૂબ તઅજ્જુબમાં પડી ગયો. એના હોશ ઉડી ગયા કે, મારા ખાદિમનો આ તરહ દરજો છે.

એ માલદાર જહન્નમી એના ફકીર જન્નતી ખાદિમને કહે છે કે, "તું મારો ખાદિમ છે, ઝિંદગીભર મારી ગુલામી કીધી છે. તું મારી એક વાત માન કે, તારી આંગલીને ભીગી કર અને **એક કતરો પાનીનો મને આપી દે.**
(બકીયહ પેજ નં. ૫ ૫૨)

**ઈખ્લાસ – પાક દિલીથી તઅલ્લુકાતને સાચવવા, તે હયાતે તૈયેબહ છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૮
## અલવી અકીદાઓ - અકીદો - ૫૪

**અકીદો - ૫૪ : શરીઅત હિકમતને મુઆફિક હોય છે.**

હમેં એમ અકીદો રાખીએ છે કે, ફલસફો અને હિકમત તે હિકમતે અકલીયહ અને હિકમતે શરઈયહ જ કહેવાય. કેમકે, અલ્લાહતઆલાએ ઈન્સાનને અશરફ મખ્લૂક બનાવીને હિકમત અને અક્લના જૌહરથી નવાઝેલા છે. અગર લોગો એમ કહે કે, શરીઅતને અક્લ અને હિકમતથી કોઈ તઅલ્લુક અને સરોકાર નથી, તે લોગો જૂઠા છે, મુનાફિક છે બલકે કાફિર છે.

શું આ મુમ્કિન છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) શહાદત ના કલમએ તૈયેબહને પઢવાને વાસ્તે તે શરતો લાગું કરે કે દીને ઈસ્લામને કુબૂલ કરનારો બાલિગ, આકિલ અને સમઝદાર શખ્સ જ હોય. નાસમઝ બચ્ચું યા પાગલ યા કમઅક્લ તો સરાસર ના જ હોય ! ઈબ્તેદાઈ કલેમો પણ પૈશ ના કીધો અને એને મજબૂર પણ ના કીધો અને પછી એ આકિલ ઈન્સાનને એમ કહે કે, ભાઈ ! હવે હું જે અહેકામ જારી અને નાફિઝ કરીશ તેનો તઅલ્લુક અક્લથી નથી ! તો આનાથી મોટું જૂઠ અને બનાવટ કઈ હોઈ શકે !

આજના વક્તમાં અગર કોઈ ઊંચો અફસર એના નીચેના લોગો પર કોઈ હુકમ જારી કરી નાંખે અને એને એના નીચેના લોગો એમ કહી દે કે, આપના આ હુકમો ફરમાનમાં કોઈ સમઝદારી, દાનિશમંદી યા આકિલાના વાત નથી, તો શું એ અફસર આ વાત બરદાશ્ત કરી શકે છે ? ના હરગિઝ નહીં. તો પછી લોગો આ જુરઅત કઈ તરહ કરે છે કે, અંબિયાએ કિરામ જે અલ્લાહતઆલા તરફથી ઈલ્હામશુદા હોય છે, એમની શરીઅતોને મુતઅલ્લિક એ મુજબ કહીદે કે, **શરીઅતના અહેકામને અક્લના સાથે કોઇ સરોકાર યા લગાવ જ નથી.**

શરીઅત યાઅની તહારત, નમાઝ, ઝકાત, પાકી, રોઝા, હજ્જ, જેહાદ, આ તમામ અહેકામ અને ફરીઝતો અદા કરવાનો તરીકો રસૂલુલ્લાહ બાવાજીએ બતાવેલો છે, તે હમારા જિસ્મો જાન બંને વાસ્તે ફાયદામંદ છે. હર અમલ કઈને કઈ માઅના અને ગહેરી હિકમત પર દલાલત કરે છે. **તો આ ઝાહિરી આઅમાલ મસલ-ઓઢું છે અને તેના માઅના મમ્સૂલ-સાહેબે દરજહ છે,** જે તેનું બાતિન છે અને તેની હકીકત છે.

યાદ રહે કે, અલ્લાહતઆલાએ અંબિયાએ કિરામને ઈન્સાની નુફૂસ-જાનોના તબીબ-ડૉક્ટર-હકીમ-મુઆલિજ બનાવેલા છે, મુકર્રર કીધા છે. જેઓ પોતાના માનનાર મુમેનીનના જાનો દિલની બીમારીને રફઅ-દફઅ કરવા અને તેની સફાઈ-ચોખ્ખાઈને વાસ્તે ગંદકી હટાવવાનો ચંદ ઈલાજ લઈને આવા છે, જેને શરીઅત કહેવાય છે.

હવે આમ તૌર પર અગર કોઈ બીમાર શખ્સ હકીમ-ડૉક્ટર-વૈદ્ય યા કોઈ પણ ઈલાજ કરનારને બેવુકૂફ, જાહિલ યા નાતજરૂબાકાર કહે તો એને શું કહેશો !! ઝાહિરમાં હકીમ, એ હકીમ જ હોય અને ઈલાજ, એ ઈલાજ જ હોય. પણ બીમાર પોતે નાદાન છે કે, એવી નારવાઁ વાતો કરે છે, બેતુકી ગુફ્તગૂ કરે છે, એ પાગલ છે.

દાઅવતે હક્કની કિતાબોમાં બયાન આવેલું છે કે, અંબિયા, ઔસિયા, અઈમ્મત યા દોઆત, હર વક્તમાં પોતાના ઝમાનાના તમામ આકિલ ઈન્સાનો કરતા ઝિયાદહ અક્લમંદ, આલિમ અને કાએનાતની ભેદ-ભરમ, અંદરૂની ઈશારાઓથી વાકિફ હોય છે, જેઓની બરાબરી કોઈ કરી જ નથી શકતું. તેથી જ અલ્લાહતઆલાએ તેઓને **પોતાની રિસાલત અને પૈગામ પહોંચાવવા ચુનેલા છે, પસંદ કીધા છે.** એમના ઉપર વહ્ય, ઈલ્હામ કરે છે. તેઓને એક મખ્સૂસ વક્તના હકીમ અને તબીબ બનાવેલા છે.

(બકીયહ પેજ નં. ૯ પર)

**રિઝક - હલાલ રોઝીની તલબમાં રહેવું, તે હયાતે તૈયેબહ છે.**

## અપની ઝબાન – કિસ્ત - ૧૭

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** આસ્તે આસ્તે, ઢટ્ટી કૂટવી, એના વિતરના, ખુરપગો, મજલો, ઓખાર.

**નવા અલ્ફાઝ :**

✷ **જિબ્બા જોડી :** વધારે પડતું બોલવું, બહેસ કરવી, ઝબાન લંબી કરવી.
ઈસ્તેમાલ : વધારે જિબ્બા જોડી ના કર, અવલ નથી લાગતું. જાં બોલવાનું હોઈચ તાં બોલતો નથી.

✷ **પડોને પાથરો :** એક જગા પર બેસી રહેવું, કોઈને ત્યાં બગૈર કોઈ કામ જાયા કરવું.
ઈસ્તેમાલ : સું નથી દેખાતો ? પિલાને તાં પડોને પાથરો તો હોઈચ. જા, હમના મિલસે.

✷ **રીસ :** ગુસ્સો, અણગમો, દાંતોને દબાવવા.
ઈસ્તેમાલ : આ ભાઈ આવીને કઈ બી ઉલટું-સુલટું બોલેચને તો મને બઉચ રીસ ચઢેચ.

✷ **ઊલુમ ખુલુમ :** ઉપર-નીચે કરવું, પલટાવી દેવું, ગોટાલો કરવો.
ઈસ્તેમાલ : જો જો હાં ! હમના આવસે. હિસાબ જોઈ લેજો, ઊલુમખુલુમ ના કરી દે.

✷ **વિલંગરી :** કપડાં નાંખવાની દોરી.
ઈસ્તેમાલ : તડકો નિકલોચ. જા વિલંગરી પર કપડાં નાંખી આવ, જરા વારમાં સુકઈ જાસે. ✯

**ઈન્તેકાલ થયેલા બુઝુર્ગોને યાદ કરવા, તે હયાતે તૈયેબહ છે.**

**ઘરમાં એક સાથે બેસીને થાલ પર જમવું, તે હયાતે તૈયેબહ છે.**

**બસીરત – આઁખ કરતા અકલની નઝરથી જોવું, તે હયાતે તૈયેબહ છે.**

(પેજ નં. ૭ નું બાકી)

બીમાર નફ્સોની શિફાને વાસ્તે ઈબાદત અને રિયાઝતના નુસ્ખાઓ શીખાવે છે. લાલચ, હસદ, હિર્સ, ગીબત, શહેવત, મસ્ખરી, ઈલ્ઝામતરાશી જેવા નાના-મોટા ગુનાહોંમાં મુબ્તેલા લોગોને નજાત-છુટકારાના રસ્તાઓ બતાવે છે. આ નાયાબ નુસ્ખા તે જ લોગોને પૈશ કરે છે કે, જે ફહીમ-ઝરીફ-વસીઅ નઝર-કુશાદા દિલ રાખનારા હોય. હવે જે વક્ત લોગોમાં આ રિસાલત પહોંચાવે છે તો જેમ અહલે અરબમાં બનું કે, જાહિલોએ રસૂલુલ્લાહ બાવાજીને જાદૂગર અને કાઝિબ કહ્યા, તેમ આજના લોગોમાંથી કોઈ એક નાદાન ઈન્સાન દાઈએ હક્કને એમ કહી દે છે કે, આ તો નામાઅકૂલ અને નામકબૂલ વાતો કરે છે,  તો આનાથી ઝિયાદહ જેહાલત અને હિમાકત શું હોઈ શકે !!

કુરઆને હકીમ માં તો અલ્લાહતઆલા પર અને રસૂલુલ્લાહ બાવાજી પર ઈમાન લાવનારને હર જગા ઉલુલ અલ્બાબ યાઅની અક્લવાલા કહેવામાં આવા છે. કોઈ જગા પર આલિમ, યા આકિલ, યા મુતફક્કિર, યા ફકીહ કહેલું છે. હવે, આ હુજ્જત કે અલ્લાહતઆલા સાચા છે કે, તે લોગો જે પોતાની નાદાનીને છુપાવવા અને જેહાલતના ઐબથી અને શરમિંદગીથી બચવાને વાસ્તે શરીઅત પર જ ઈલ્ઝામ લગાવી દે કે, તેને અક્લથી કાંઇ જ તઅલ્લુક નથી. પણ સાચી દલીલ તો એ છે કે, આ તે લોગો કહે છે કે, જેઓ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની જગા પર **આપની મસ્દને પાકને છીનવીને-ગસબ કરીને,** વસીના હક્કને હડપ કરીને, સરદારે કૌમ બનીને બેસી તો ગયા, પણ દીનના ઈશારાત, ઈલ્મના નિકાત, શરીઅતના હકીકી માઅનાઓ અને હર અખ્બારો વાકેઆતના અને અહલુલ બૈતના આઅમાલે હમીદહથી તેઓ નાવાકિફ હતા, જાહિલ હતા અને પોતાની જાન બચાવવા, જેહાલત છુપાવવા, સવાલાતના દરવાઝા બંધ કરી દીધા, એમ કહીને કે, તે કોઈ શખ્સે શરીઅતના હલાલો-હરામ અને તેના સબબોનો સવાલ કીધો, તો એં કુફ્ર કીધો.

અલ્લાહતઆલાની પનાહ કે, એવા લાઈલ્મ નામનિહાદ રઈસો તરફથી શરીઅત પર આનાથી ઝિયાદહ મોટો ઝુલ્મ શું હોઈ શકે ! ✯

## દીવાને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)
### કિસ્ત - ૨૫

**શેઅર : ફઅલમ બેઅન્નકા મૈયેતુન વ મુહાસિબુન, ફઇલા મતા તબ્ગિઝ ઝલાલતા વર્દદા.**

**તરજુમો** : અય ઈબ્ને સલમહ ! તમને એમ જાણવું જોઈએ કે, તમેં એકના એક દિન ફના થાશો, તમને મૌત આવશે. યૌમે કેયામત તમને તમારા બુરા-ભલા આઅમાલ વાસ્તે પૂછની થાશે, તમને હિસાબ આપવો પડશે. તો તમેં કહાઁ તક, ગુમ્રાહી અને હલાકતના રસ્તે ચાલા કરશો. યાઅની આ ઝિંદગીમાં કઈ બહેતર તલબ કરવા તરફ કોશિશ કરો, નહીં તો મૌત આવવા પર એક લમ્હો પણ નહીં મિલે.

**તશરીહ** : હમારી એવી આદત હોય છે કે, આજનું કામ કાલ પર નાંખી દઈએ છે. નૌબત એવી આવે છે કે, તે કાલ કોઈ વકત આવતી જ નથી અને તે કામ પણ અધુરૂં જ રહી જાય છે. સુસ્તી અને બેખબરીના સબબ, કામની એહમીયતને સમઝા બગૈર, જો હમેં બિલા વજેહ કામમાં તાખીર કરા કરીએ, **"થાશે"** તેનો સહારો લેયા કરીએ, તો હમારી નિય્યતમાં ફસાદ અને કમ્ઝોરી આવી જાશે અને તે કામનો વક્ત એક વાર હાથમાંથી નિકલી ગયો તે પછી તે કામનો **અસર, ફાયદો અને હાજિત** પણ બાકી રહેતી નથી.

હમેં અગર મુમિન હોઈએ અને હમારૂં ઈમાન મૌત પર હોય કે, મૌત કોઈ પણ વક્ત, કોઈ પણ હાલતમાં આવી શકે છે, હમારી ઝિંદગી પર મોહર વાગી શકે છે, ઝમીનમાં જાવાનો દરવાઝો ખુલી શકે છે, સાઁસ અને ધડકન

(બકીયહ પેજ નં. ૧૫ પર)

**ખિતાબ – નરમીથી ગુફ્તગૂ કરવી, તે હયાતે તૈયેબહ છે.**

## તસ્બીહે મુજર્રબ

- **તસ્બીહ :** અઊઝો બિલ્લાહે બેકુદરતિલ્લાહ, વઅઊઝો બિલ્લાહ બેજલાલિલ્લાહ, વઅઊઝો બિલ્લાહે બેઅઝમતિલ્લાહ, વઅઊઝો બેજમીએ હુદૂદિલ્લાહ, વઅઊઝો બેઅસમાઈલ્લાહ, વઅઊઝો બેઅસમાએ રસૂલિલ્લાહ, મિન શર્રે મા અજેદો ફીકા.

- **માઅના :** હું પનાહ માંગું છું, અલ્લાહતઆલાથી તેની કુદરતના ઝરીએ,
હું પનાહ માંગું છું, અલ્લાહતઆલાથી તેની જલાલતના ઝરીએ,
હું પનાહ માંગું છું, અલ્લાહતઆલાથી તેની અઝમતના ઝરીએ,
હું પનાહ માંગું છું, અલ્લાહતઆલાથી તેના કુલ હુદૂદના ઝરીએ,
હું પનાહ માંગું છું, અલ્લાહતઆલાથી તેના મુબારક નામોના ઝરીએ,
હું પનાહ માંગું છું, અલ્લાહતઆલાથી તેના રસૂલના મુબારક નામોના ઝરીએ.
તે તમામ ખરાબી-શર કે જે હું તમારામાં જોઉં છું, તમારામાં મરઝ, બીમારી, ઈલ્લત અને પરૈશાનીના તૌર પર હાઝિર છે.

- **તશરીહ :** આજનો ઈન્સાન કાઁચનું વાસણ બની ગયો છે. એના બદન માં બેકરારી, બેબસી અને લાચારી ઘર કરી ગઈ છે. કોઈના કોઈ તણાવ કે દબાણમાં રહે છે. દિલો-દિમાગ પર કાબૂ રાખવું મુશ્કિલ થઈ ચુકું છે. આના સબબ મુખ્તલિફ **આઅઝામાં દર્દની શિકાયત** કરે છે. દવાઓ લે છે મગર કારગર થાતી નથી. લંબા વક્ત તક તકલીફ અને સેહતમાં નુકસાન ઉઠાવવું પડે છે.

આ ચીઝોમાં શિફા અને આફીયતી હાસિલ થાય તે વાસ્તે દોઆતે હક્ક (આ.કુ.) એ ઉપર મઝકૂર તસ્બીહ બતાવેલી છે. તે પઢવાથી ખૂબ ઉમદહ ફાયદા હાસિલ થાય છે. નિય્યતે સાદેકહ અને બાવુઝૂ જો તેની વિર્દ કરવામાં આવે તો દર્દમાં ઈફાકો અને આસાની રહે છે. કોઈ શખ્સને જો બદનના આઅઝામાં દર્દ હોય, તો આ **દોઆ-તસ્બીહ ૭ વાર** પઢીને જે જગા પર દર્દ થાતું હોય તે જગા પર જમણો હાથ ફિરાવે, તો તેની બરકતથી અલ્લાહતઆલા શિફા અતા કરશે. ✯

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ર ઉમું સાલ છે. કારેઈનના ઈલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશ્મકશ ઈલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ચંધ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઈલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મુનાફિક શખ્સની કેટલી નિશાનીઓ બતાવી છે ?
(૨) મૌ.શોએબ (અ.સ.) ના મિસિરી દાઈનું નામ શું હતું ?
(૩) ઈમામે હક્ક મુજબ, ઝમાનાના ઈમામની મહબ્બત, ઉલ્ફત, રઝા, ખુશી કયા શખ્સની પહેલામાં પહેલી નિશાની છે ?
(૪) અલ્લાહતઆલાએ કોને ઈન્સાની નુફૂસ-જાનોના તબીબ-ડૉક્ટર બનાવેલા છે ?
(૫) જન્નતમાં મૌ.ઈબ્રાહીમ (અ.સ.) ની ગોદમાં કૌન બેસેલું હતું ?
(૬) કઈ જંગથી ફારિગ થયા બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ બનૂ કુરૈઝહના કિલ્લા પર ચઢાઈ કીધી હતી ?

**જવાબો :** (૧) ૩ નિશાનીઓ (૨) મૌ.યૂશાઅ બિન નૂન (૩) ઝાહિદ શખ્સની (૪) ઈમામુઝઝમાન/દાઈયુઝઝમાન (૫) એક ખાદિમ ફકીર (૬) અહઝાબની લડાઈથી. ✯

**લીનત – ઝુકીને મીઠા કલામ બોલવા, તે હયાતે તૈયેબહ છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૧૨

બાવાજી કે જે ઝમાનાના ઈમામ હોય, ઈમામતની બાગદોડ એમના હાથમાં હોય એન એમના ફરઝંદો હોય, ઉંમર લાયક હોય કે ઈમામ બનીને શરીઅતે હક્કની ઝિમ્મેદારી ઉઠાવી શકે, મગર બાવાજી એના ફરઝંદો તરફ નિગાહ કરે તો જાણે કે, એ જે નૂરની તલાશમાં છે તે કોઈમાં પણ નઝર આવતું નથી, તમામ નૂરે ઈમામતથી ખાલી છે, તો બાવાજી ઈન્તેઝાર કરે છે એક ફરઝંદનો કે જે તે નૂરના માલિક હોય હાલાંકે એમના સામે ઘણા ફરઝંદો હાઝિર હોય.

જે વક્ત કોઈ ઈમામ એના વાલિદે માજિદની પુશ્ત-પીઠમાં આવે છે તે વક્ત વાલિદ એ આવનાર ઈમામની ખુશખબરી સંભલાવવાની શુરૂ કરે છે. મિસાલના તૌર પર મિસિરમાં ૧૮ માં ફાતેમી ઈમામ મૌ.મઅદ અલ-મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) ની હઝરતે ઈમામીયહમાં આપના બે ફરઝંદો નિઝાર અને અબ્દુલ્લાહ આપસમાં ઝઘડતા-ઝઘડતા, એકબીજા ઉપર પોત-પોતાની બઢાઈ બતાવતા, પોતે ઈમામત વાસ્તે કેટલા હક્કદાર છે તે જતાવતા હુવા હાઝિર થયા. આપે એ બેવેને ઝઘડો કરવા વાસ્તે મનાઅ કીધા અને ફરમાવું કે, **તમારા બેવે માંથી કોઇ એક પણ ઇમામતનો અહલ નથી,** આ તરહ તનાઝોઅ ના કરો. પછી, આપે આપની પીઠને તરફ ઈશારો કરીને ફરમાવું કે, ઈમામતના સાહેબ તો હજી યહાઁ છે અને આ અમર તો અલ્લાહતઆલાના ઈખ્તિયારની વાત છે.

બીજી મિસાલ એવી છે કે, પાઁચમાં ફાતેમી ઈમામ મૌ.અબૂ અબ્દિલ્લાહ જાઅફર અસ-સાદિક (અ.સ.) ને કોઈએ ઈમામ બાબતે સવાલ કીધો, તો આપે ફરમાવું કે, લોગો એમ વહેમ કરે છે કે, ઈમામને કાઈમ કરવું, મુકર્રર કરવું, નસ્સ કરવી તે હમારા ઈખ્તિયારમાં છે ! ના, બિલકુલ નહીં. **તે તો અલ્લાહતઆલા વહદહૂ લા શરીકા લહૂની શાનમાં છે.** તેના ઈખ્તિયારમાં છે કે, ક્યા સાહેબને દીને હક્કના અમરની ઝિમ્મેદારી સોંપવી. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "તમારો રબ્બ ચાહે તેને પૈદા કરે અને ઈખ્તિયાર કરે, તેમાં લોગોને ઈખ્તિયારનો હક્ક નથી."

હવે જે વક્ત ઈમામ આ દુનિયામાં પૈદા થાય છે, તો એ કામિલ ઈમામ જ હોય છે, નાકિસ નહીં, અધૂરા નહીં યા નસ્સ થાય તો જ ઈમામ બનીને ઝાહિર થાય, એમ નહીં ! ઈમામ તો એના વાલિદે માજિદ-બાવાજીની મુજબ જ હોય છે. **ઇમામને, ઇમામ બનાવીને જ પૈદા કરવામાં આવે છે.** અલ્લાહતઆલાની કરામત યાઅની ઈમામતના મુસ્તહિક્ક થઈને જ એ પૈદા થાય છે. ભલેને ઈમામ કમ્સિન નાના બચ્ચા હોય. જેમ કોઈ શખ્સના દીકરા હોય છે, એ દીકરા એના બાવાજીની મિસિલ એક ઈન્સાન જ લાગે છે, હાલાંકે જોવામાં એ એક નાના બચ્ચા દેખાય. હવે જે વક્ત એના બચપણામાં એના બાવાજી ગુઝરી જાય તો એ બચ્ચા એના મરનાર બાવાજીના વારિસ થાય જ છે. એનું બચપણું એને વિરાસતથી રોકી શકતું નથી.

નુબૂવત, વસાયત અને ઈમામતનો ઈખ્તિયાર અલ્લાહતઆલાના હાથમાં છે, ના કે લોગોના હાથમાં. અંબિયાનો ઈન્તેખાબ-પસંદગી અલ્લાહતઆલા કરે, તેમ વસીઓ અને ઈમામોનો ઈન્તેખાબ અલ્લાહતઆલા ના હુકમથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કરે. લોગો માંથી મુહાજેરીન, અન્સાર, મુજાહિદો, આલિમો, હકીમો, સરદારોને આ બાબત ઈન્તેખાબ કરવાનો કોઈ હક્ક નથી. અલ્લાહતઆલા જાણે છે કે, લોગોના સીનાઓમાં ભેદ-ભરમની વાતો કઈ કઈ છે, કયો શખ્સ મુખ્લિસ છે અને કયો મુનાફિક છે. કોનો કેવો કિરદાર અને આઅમાલ છે, તેથી અલ્લાહતઆલા ખૂબ ખૂબ વાકિફ છે.

કસસ : મંઝિલ ચોથી ૩૦૯ / ઝુખરૂફ : પેજ ૧૦૪ ✫

**નાની નાની ખતાઓને મુઆફ કરી દેવી, તે હયાતે તૈયેબહ છે.**

## મૌ.મૂસા કલીમુલ્લાહ અને મૌ.ખિઝ્રિર (અ.સ.)
### કિસ્સહ અજીબહ - કિસ્ત-૧

આ કિસ્સહ અજીબહની ઝિક્ર કલામુલ્લાહમાં સૂરતુલ કહેફમાં આવેલી છે. પહેલી કિસ્તમાં મૌ.મૂસા કલીમુલ્લાહની મુલાકાત **"મજમઉલ બહરૈન"** પર એક આલિમ ફાઝિલ સાથે થાય છે. એ સાહેબ ઈલ્મ, કરામત અને રહેમતના સાહેબ હતા. ત્રણ વાકેઆત પૈશ આવા. જે એવા હતા કે, મૌ.મૂસા એ આલિમ ફાઝિલને હર વાકેઅહ બાદ એતેરાઝ કરીને સવાલ કરતા રહ્યા અને આલિમ ત્રણ વક્ત તેનો જવાબ આપતા રહ્યા કે, "શું મૈં તમને (મૌ.મૂસા) ન્હોતું કહ્યું કે, મારા સાથે તમેં હરગિઝ સબર નહીં કરી શકો !!" તે બાદ તે બેવેની **"મુરાફેકત"** (સોહબત), **"મુફારેકત"** (જુદાઈ) માં તબ્દીલ થઈ ગઈ.

એ ચીઝનું ઈલ્મ હોવું હર મુમિન વાસ્તે ઘણું જ ઝરૂરી છે કે, મૌ.મૂસા નબીયુલ્લાહના ઉમ્મે રૂહાની-માઁ સાહેબા યાઅની આપના મુઅલ્લિમે રબ્બાની - રૂહાની તરબીયત કરનારા સાહેબ મૌ.શોએબ નબીયુલ્લાહના એક મિસિરી દાઈ **મૌ.યૂશઅ બિન નૂન** છે. જે મિસિલ મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહના રૂહાની-ઈલ્મી માઁ સાહેબા **મૌ.લૂત** છે, મૌ. ઈસા રૂહુલ્લાહના **શમઊન અસ-સફા** છે અને ખત્મુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ના રૂહાની માઁ સાહેબા **મૌ. ઊબય બિન કઅબ** છે.

મૌ.મૂસાની રૂહાની પરવરિશ આપના માઁ મૌ.યૂશઅએ કીધી અને આપને દરીયએ નીલમાં તાબૂતુસ્સકીના-મહેફૂઝ પેટીમાં બંધ કરીને, છુપાવીને, યાઅની ઝાહિરી શરીઅત વાસ્તે તલાતુમવાલા દરીયાના પાનીમાં જે અવામ-અહલે ઝાહિર મુજબ છે, તેઓના દરમિયાન એક મુબલ્લિગે ખાસ-ઝરૂરી તબ્લીગ કરનાર સાહેબ તરીકે રવાઁ-દવાઁ કરી દીધા. પૂરી સકીનત સાથે, રબ્બાની તાઇદ સાથે મૌ.મૂસા દુનિયાના લોગો દરમિયાન શરીઅતના પુખ્તા અહકામ લઈને જે તૌરતમાં તે વક્તના લોગોને મદ્દે નઝર રાખીને વારિદ થયા, તે સાથે પધારા.

મૌ.મૂસાની તાઅલીમ, તબ્લીગ અને તરબીયત એ મુજબ પુખ્તા હતી કે, આપના ઝમાનાના મોટા ઈબ્લીસ ફિરઔનના ફરૈબનું એક ના ચાલું. દુશ્મનોનો ગલ્બો હતો, સખ્ત હતો, અઝીમ હતો, **પણ તેની તમામ ઇબ્લીસી કોશિશો પાનીમાં વહી ગઇ.** લશ્કરે ફિરઔની તે જ પાની માં ગરક થઈ ગયું, જેમાં મૌ.મૂસાને એક મહેફૂઝ પેટી-તાબૂતુસ્સકીના દરીયએ નીલના પાનીમાં વહાવીને ફિરઔનના મહેલમાં લાવી હતી. ફિરઔની મહેલ કે જેના ઉપર કુફ્રનો પરચમ લહેરાતો હતો, તેના સાયામાં જ ઈમાની નૂરના સાહેબો મૌજૂદ હતા, જેની હક્કની તાકતથી પૂરી ફિરઔની સલ્તનત તહેસ-નહેસ અને ઝૈરો ઝબર થઈ ગઈ. ✯

---

(પેજ નં. ૩ નું બાકી)

ઈમામે હક્ક ફરમાવે છે કે, "ઝાહિદ શખ્સની પહેલામાં પહેલી નિશાની હમારી મહબ્બત, ઉલ્ફત, રઝા, ખુશી, મવદ્દત અને ફરમાઁબરદારી છે. દુનિયામાં ઝોહદની નહેર હમારીથી જારી થાય છે. **પરહૈઝગારીના સાયાદાર દરખ્તો હમારી આ નહેરોના કિનારે ઉગે છે.** હમારા સિવાય કોઈ ઝોહાદત પર ચાલવાનો દાઅવો કરે તો એ કાઝિબ છે, મક્કાર છે, જૂઠો છે." ઝોહદનો પહેલો ઝીનો, પડાવ, મંઝિલ તે ઈમામે હક્કના નઝદીક જઈને તે વાસ્તે સબક લેવો છે. આપથી જે શખ્સના આઅમાલ વાબિસ્તા હશે, જોડાયેલા હશે એ ખુદ-બ-ખુદ ઝોહાદત-પરહૈઝગારીના લિબાસે નૂરાનીથી ખુદને ઝૈબ-ઝીનતઅફરૌઝ કરી જ દેશે. એ શખ્સ જેમ રોઝ આપ ઈમામે હક્કને યાદ કરશે તેમ મૌતને પણ બિલા-કુસૂર યાદ કરશે. એ જાણ છે કે, ઈમામે હક્ક જ એના વાસ્તે મૌતની મંઝિલ અને મઝહર છે. ઈમામે હક્કની મહબ્બત અને મૌતની નેઅમત એ એક જ રાહે જન્નતની મંઝિલ છે, જેમાં એક ઈબ્તેદા છે અને બીજી તેની ઈન્તેહા છે. ✯

**તાઅદીબ - બચ્ચાઓને અદબ-તહેઝીબ શિખાવવી, તે હયાતે તૈયેબહ છે.**

## અમીરૂલ મુમેનીન મૌલા અલી (અ.સ.)
### મરસીયએ શહાદત

રોઓ કે રૌઝે કત્લે જનાબે અરબ હે આજ,
પીટો કે રૌઝે હશ્ર હે ગુરબત કી શબ હે આજ,
બઝમે અઝા મેં આકે ના રોના ગઝબ હે આજ,
ગમસે હસન હુસૈન કી હાલત અજબ હે આજ.
ફુરસત ન દી નમાઝ કી ઈસ રોઝાદાર કો,
નહેલા દિયા લહૂ મેં શહે ઝુલ્ફિકાર કો.
સજદે મેં શૈરે હક્ક કા દોપારા હુવા જો સર,
એક બાર કાંપને લગે મસ્જિદ કે બામો દર,
ઉબલા લહૂ કે હો ગઈ મહેરાબ ખૂં સે તર,
એક ઝલઝલા સા બસ હુવા નાઝિલ ઝમીન પર,
ગરદું પે જિબરઈલ પુકારા ગઝબ હુવા,
સજદે મેં હક્ક કે કત્લ અમીરે અરબ હુવા.
પહોંચી જો ગોશે હઝરતે ઝૈનબ મેં યે સદા,
રો કર જનાબે શબ્બરો શબ્બીર સે કહા,
જાઓ ખુદા કે વાસ્તે મસ્જિદ મેં તુમ ઝરા,
કહેતા હે કોઈ કત્લ હુએ શાહે લાફતા,
કિસને કિયા શહીદ ઈમામે હિજાઝ કો,
બાબા અભી તો ઘર સે ગયે થે નમાઝ કો.
યહ સુન કે દૌડે જાનિબે મસ્જિદ હસન હુસૈન,
દેખા કે રો રહેં હૈં નમાઝી બ-શૌરો શૈન,
ઔર ખૂં મેં ગરક લૌટતેં હૈં શાહે મશરકૈન,
સર અપને પીટને લગે ઝહરા કે નૂરે ઐન,
ગમસે કલેજે દોનો કે સીને મેં ફટ ગયે,
ચિલ્લાકે હાય બાબા કહા ઔર લિપટ ગયે.
વો ઝખ્મી સર કો દેખ કે કરતે થે યે બયાં,
તૂટી બસ અબ હમારી કમર હાયે બાબાજાં,
નાના હમારે સર પા ના જીતે થે ઔર ના માં,
જાયેગે જિસ તરફ ના મિલેગી હમેં અમાં,
બેટોં કો કૈદ ખાને સે છૂડવાઓ ખૂબ હે,
સાથ અપને હમ કો લેતે હી જાએ તો ખૂબ હે.
હઝરત કે ગિર્દ જમઆ થે અસ્હાબે બાવફા,
ફરમાતે થે હર એક સે યે આઁસું બહા બહા,
તુમ સે વસી રસૂલ કા હોતા હે અબ જૂદા,
વો પૂછ લેવે આજ જિસે જો હો પૂછના,
ગમ મે હમારે ખાક સરોં પર ઉડાઓગે,
કલ નફસે મુસ્તફા કો ના દુનીયામેં પાઓગે.
યે કહતે હી શૈરે ખુદા કો ગશ હી આ ગયા,
પરદે કે પાસ આન કે ઝૈનબ ને યે કહા,
ભાઈ હુસૈન લોગો સે ઈતના કહો ઝરા,
ઘર જાઓ અપને વક્તે મુલાકાત હો ચુકા,
આતેં હૈં ગશ પા ગશ શહે કૌનો મકાન કો,
જી ભર કે દેખને દો હમેં બાબાજાન કો.
રોતે હુએ વદાઅ હુએ શેહ કે દોસ્તદાર,
ઝૈનબ બલાયેં લેને લગી રો રો કે ઝાર ઝાર,
બેટોં સે તબ યે કહને લગે શાહે ઝુલ્ફિકાર,
આઓ મેરે કરીબ કે હે વક્તે ઈહ્તેસાર,
યે સુન કે રોતે રોતે દમ ઉનકે ઉલટ ગયે,
બારહ પિસર અલી કે કદમ સે લિપટ ગયે.
રોયે અલી હસન કો ગલે સે લગા લગા,
ઔર હાથ ઉન કે હાથો મે નૌ બેટો કા દીયા,
અબ્બાસ નામદાર કે હક્ક મે ના કુછ કહા,
ચુપકે ખડે થે સામને ઔર રંગ ઝરદ થા,
ગરઝે અદબ સે બાપ કે કુછ કહ ના સકતે થે,
માઁ ઈન કો દેખતીથી વો મૂઁહ માઁ કા તકતે થે.
ઉમ્મુલ બની કદમ પા ખડી ખોલે સરકે બાલ,
કી અર્ઝ યા અલી વલી અય શૈરે ઝુલજલાલ,
અબ્બાસ સે હે ખાતિરે અકદસ પે કુછ મલાલ,
લોંડી હું મૈં ગુલામ હે હઝરત કા મેરા લાલ,
રહેતા ના ખિદમતે હસને ખુશ સિફાત મેં,
હાથ ઈસ ગુલામ કા ના દીખા ઈનકે હાથ મેં.

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**હિદાયત દઈને જવાનોને હક્ક પર સાચવવા, તે હયાતે તૈયેબહ છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

ઉમ્મુલ બની સે રો કે અલી ને કહી યે બાત,
દેતા હસન કે હાથ મેં ક્યોં કર મે ઈનકા હાથ,
શૈદા તેરે પિસર કા હે શબ્બીર ખુશ સિફાત,
ઔર આશિકે હુસૈન હે અબ્બાસ નેક ઝાત,
શાને બહાદુરી હે તેરે નૂરે ઐન મેં,
ઈસકા અઝલ સે હાથ હે દસ્તે હુસૈન મેં.
અબ્બાસ કો બુલા કે ગલે સે લગા લીયા,
હાથ ઉસ કા દે કે હાથમેં શબ્બીર ને કહા,
અય લાલ યે ગુલામ તુમ્હારા હે બાવફા,
મેરે તરહ સે પ્યાર ઈસે કીજીયો સદા,
આફત કા દિન જો તુઝ કો મુકદ્દર દિખાયેગા,
ઉસ રોઝ યે ગુલામ બહોત કામ આયેગા.
અબ્બાસ સે કહા કે સુન અય મેરે નૌનિહાલ,
તું હે અલી કા લાલ વો હે મુસ્તફા કા લાલ,
રખીયો હમેશા ખાતિરે શબ્બીર કા ખયાલ,
ઈસ કા મલાલ અહમદે મુરસલ કા હે મલાલ,
પૈશે ખુદા બુર્ઝુગ હે રૂત્બા હુસૈન કા,
મુઝ કો ભી પાસ રહેતા હે ઈસ નુરે ઐન કા.
ખિદમત સે કીજીયો ન કિસી હાલ મે કુસૂર,
તું એક જિસ્મે ખાક હે ઔર યે ખુદા કા નૂર,
દિલ બન્દે ફાતેમા કા હે પાસે અદબ ગુરૂર,
જો ઈસ કે દિલ સે દૂર હે વો હે ખુદા સે દૂર,
આકા કા સાથ તા દમે મરદન ના છોડના,
સબ છૂટે પર હુસૈન કા દામન ના છોડના.
બચ્ચોં સમેટ જબ યે વતન સે કરે સફર,
પહલે મેરે હુસૈન સે તું બાંધીયો કમર,
પહોંચે જો કરબલા મેં યે સુલતાને બહરોબર,
ખેમે કી ચૌકી શામ સે તુમ દીજીયો સહર,
રોઝે બઝદ મઆરકા આરાઈ કીજીયો,
પાની હો ઈસ પા બન્દ તો સક્કાઈ કીજીયો.
યે સુન કે સારી બીબીયાં રોતીથી ઝારઝાર,
ઔર લૌટતે થે ખાક પા ઝહરા કે ગુલ ઓઝાર,
દો દિન તલક અલી રહે બિસ્તર પા બેકરાર,
ફરઝંદો કો ગલે સે લગાતે થે બારબાર,
આઁસુ કભી રવાઁ થે કભી લબ પા આહ થી,
એકકીસવીં શબ આઈ તો હાલત તબાહ થી.
એક બાર ગશ સે ચૌંક કે બેટોં સે યે કહા,
હાથોં મે હાથ દે કે ઉઠાઓ મુઝે ઝરા,
આતેં હૈં મેરે લેને કો જન્નત સે મુસ્તફા,
યે બાત કેહ કે ગશ હુએ ફિર શાહે લાફતા,
કુછ રાત બાકી થી કે જહાં સે ગુઝર ગયે,
ગુલ પડ ગયા કે હૈદરે કર્રાર મર ગયે.
જિન્નો મલક મે શોરે કેયામત હુવા અયાં,
થર્રા ગઈ ઝમીન લગા હીલને આસમાં,
જિન્નાત પીટને લગે બા નાલઓ ફુગાં,
મા-બૈન આસમાનો ઝમીં થા યહીં બયાં,
વા હસરતા કે તખ્તે વસાયત ઉલટ ગયા,
બસ આજ ઝોર આલે મોહમ્મદ કા ઘટ ગયા.
મોઅજિઝનુમા કો ગુસ્લ જો દેને લગે પિસર,
ફિરતા થા આપ જિસ્મ મુબારક ઈધર ઉધર,
આયા થા ખુલ્દ સે કફને શાહે બહરો બર,
ઝહેરા કે લાલ કહતે થે સર પીટ પીટ કર,
બાબા રસૂલે પાક સે મિલને કો જાતેં હૈં,
હમ ખિલઅતે અખીર પિદર કો પિન્હાતેં હૈં.
ઉસ વક્ત યે હસન સે કિસી શખ્સને કહા,
નીલે નિશાન દોશ પા કૈસે હૈં જાં બજાં,
યે સુનકે અહલે બૈત મેં રોને કા ગુલ ઉઠા,
બોલે હસન કે રાત કો લે જાતે થે સદા,
એક દોશ પર અનાજ ફકીરોં કે વાસ્તે,
એક દોશ પર તઆમ અસીરોં કે વાસ્તે.

(બકીયહ પેજ નં. ૧૫ પર)

**ઝૌજીયત - બૈરો સાથે ખુશી-ખુશી રહેવું, તે હયાતે તૈયેબહ છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

તાબૂત મેં જો રખ ચુકે ફરઝન્દે અરજુમન્દ,
દિલ સોઝે ગમ સે જલને લગા સૂરતે સિપન્દ,
ઢાલી રિદાએ સબ્ઝ જો તાબૂત કર કે બન્દ,
આગે સે તબ જનાઝા હુવા ખુદ બખુદ બલન્દ,
ગુલ થા જનાઝએ શહે મરદાં રવાં હુવા,
દેખો હવા પા તખ્તે સુલેમાં રવાં હુવા.
સર અપના પીટ પીટ કે ચિલ્લાતે થે ફકીર,
હમ લોગ મર ગયે તેરે મરને સે અય અમીર,
કૈદી પુકારતે થે કે અય કુલ કે દસ્તગીર,
અબ કિસ કી રાહ રાત કો દેખેંગે હમ અસીર,
કહતી થી બેવા ખલ્ક સે વારિસ ગુઝર ગયા,
ચિલ્લાતે થે યતીમ કે બાપ આજ મર ગયા.
કહેતા થા કોઈ મર ગયા અહમદ કા જાઁનશીન,
કહતા થા કોઈ તૂટ ગયા આજ રૂકને દીન,
દમ સે અબૂ તૂરાબ કે થી રૌનકે ઝમીન,
અફસોસ બે ચિરાગ હુઈ બઝમે મુમેનીન,
બચ્ચોં કો થામતેં હૈં જો માઁ-બાપ હોતેં હૈં,
કૈસે બિલક બિલક કે મેરે લાલ રોતેં હૈં. ✩

## દર દરબારે ફખરી
### ૪૧માં દાઇએ મુત્લક
### સૈ.જીવાભાઇ ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.)
### તારીખે વફાત - ૨૦ શવ્વાલ ૧૩૪૭ હિ.

ઉલ્ફત મેં શહે દીં કે, દીવાને હઝારોં હૈં,
અપને તો ફિર અપને હૈં, બેગાને હઝારોં હૈં.
ઈસ રૌઝે મેં ઝાઈર કી, હર બાત અનોખી હે,
દુનિયા મેં વફાઓ કે, અફસાને હઝારોં હૈં.
અકસર મૈં યહાઁ આ કર, પ્યાસ અપની બુઝાતા હું,
હે સામને કૌસર કે, મયખાને હઝારોં હૈં.
કોઈ નહીં હે સાની, મૌલા કે સિવા બેશક,
કાઅબા હે તો એક કાઅબા, બુતખાને હઝારોં હૈં.
યે રૌઝએ મૌલા તો, હે દાખિલા જન્નત કે,
મહેલોં કે યૂં તાબિંદા, દરવાઝે હઝારોં હૈં.
ઝિક્રે શહે આલમ કી, દૌલત હી કે સદકે મેં,
આબાદ હુએ હમ સબ, વીરાને હઝારોં હૈં.
યૂં તો કોઈ બરસોં મેં, દીવાના નહી હોતા,
સરવર કી મહબ્બત મેં, દીવાને હઝારોં હૈં.
હમ હી તો નહીં તન્હા, સમઝો તો યે અન્વર તુમ,
નૂરે શહે હાતિમ કે, પરવાને હઝારોં હૈં. ✩

(પેજ નં. ૯ નું બાકી)

બંધ થઈ શકે છે, તો પછી તે વાસ્તે ઈન્તેઝાર ના હોય કે, હમેં પછી કરી લઈશું ! **હજી હમારા પાસે ઘણો વક્ત છે ! બુઝુર્ગીમાં કરી લઇશું !**

મૌત હક્ક છે અને તે બાદ આઅમાલનો હિસાબ આપવો પણ હક્ક છે. મૌત હમારા આઅમાલના સંદૂકને બંધ કરી દે છે. હમારો ઈરાદો હમને અમલ કરાવે છે અને મૌતનો ઈરાદો હમારા અમલને બંધ કરાવી દે છે. મૌતથી ગફલત યાઅની, **અલ્લાહતઆલાની અઝીમ નેઅમતથી ગફલત ગિનાય છે.** કોઈ શખ્સમાંથી જો આ ગફલત દૂર ના થાય તો એ ગુમ્રાહીમાં અને ખરાબીના ફંડામાં જકડાઈ જાય છે. એને તે આઅમાલ કરવાની સમઝ પડતી નથી કે, જે આખેરતમાં એને કામ આવે. કેમકે, એ આખેરતમાં જાવાના પહેલા ઝીના-પગથીયાને જ ભુલી ચુકો છે, તે છે મૌત.

એ શખ્સની હાલત જો આ જ મુજબ રહી, તો પછી એને હિસાબ-કિતાબનો ડર અને ફિકર પણ નહીં રહે. એનું ફાસિદ ઝહેન તેમાં પડી જાશે કે જે એક તૂફાની-તૈઝ ભંવર હશે, તેનો કોઈ છેડો નહીં હોય. કહેશે કે, **"વક્ત આવવા પર જોવાઇ જાશે."** એ શખ્સ એની ઝિંદગીને દુનિયાવી ઊમૂરમાં ઝાયેઅ કરી દેશે અને એના સંદૂકમાં ખૈરનો કોઈ તોશો નહીં હોય. મૌતની પનાહ તે હક્કની પનાહ છે. ✩

**ખિદમત સાથે વાલેદૈનની ઈઝ્ઝત કરવી, તે હયાતે તૈયેબહ છે.**

(પેજ નં. ૪ નું બાકી)

ફૌરન આપ ઈસ્લામી લશ્કરને લઈને તૈયાર થઈ ગયા. તમામને તે વાસ્તે આગાહ કીધા અને **મુનાફિકોની ફિત્નતથી ખબરદાર કીધા.** લશ્કરે પૂરા કિલ્લાનો મઝબૂત ઘેરો કરી લીધો તે બાદ ઘણા અય્યામ ગુઝરા, ઘણા હાલાત પૈશ આવા.

આખિરકાર સઅદ બિન મઆઝને લવાદ-હકમ કે જે દરમિયાનગીરી કરે, બનાવવામાં આવા. એ લોગોને ખૂબ સમઝાવવામાં આવા, તાકીદ કરવામાં આવી, પણ તેઓ ઝિદ અને તકબ્બુરી પર અડી રહ્યા. સઅદે હુકમ કીધો કે, બનું કુરૈઝહના તમામ મરદોને કત્લ કરવામાં આવે અને તેઓના બૈરાં-બચ્ચાંને કૈદ કરવામાં આવે અને સાઝો-સામાન, જાનવરો-અનાજ-ગુલામો-માલ તમામને ગનીમત તરીકે લઈ લેવામાં આવે. હુકમ મુજબ અમલ કરવામાં આવો. રસૂલુલ્લાહ બાવાજીને આ ખબર કરવામાં આવી, આપ ઘણા ખુશ થયા અને ફરમાવું કે, "અય સઅદ ! **તમારો હુકમ ખુદાતઆલાના હુકમને મુતાબિક છે.** મારી મરઝી પણ આ જ મુજબ હતી."

બનું કુરૈઝહમાં કોઈ મરદ બાકી ના રહ્યું, બીજા તમામને કૈદી બનાવી લેવામાં આવા અને તેઓના કિલ્લા, મકાનો અને ઝમીન પર કબ્ઝો કરી લેવામાં આવો. આ સાથે રસૂલુલ્લાહ બાવાજીએ તેને આસપાસની ઘણી જગાઓને ફત્હ કીધી અને તેને પરચમે ઈસ્લામમાં દાખિલ કરી દીધી. **આ બનું કુરૈઝહએ નબી સાહેબના અહદ-મીસાકને તોડો, વફા ના કીધો,** મૂઁહ ફિરાવી દીધું અને મુશ્રિકોને સાથ આપીને નબી સાહેબ સાથે બગાવત પર ઉતરી આવા, આપની હિદાયતને ઠુકરાવી દીધી અને લડાઈને ઇખ્તિયાર કીધી. નતીજતન તેઓએ શિકસ્ત ખાધી, હાર નો કડવો ઘૂંટ પીધો, કિલ્લામાં ભરાઈ ગયા અને તે જ હાલતમાં જંગ બાદ કિલ્લો અને જાન બેવેથી હાથ ધોઈ નાંખા. હલાકત અને ગુમ્રાહી પર ચાલીને મિટી ગયા. ✯

**જમાઅતના મુમેનીન મુખ્લેસીનને ઈદુલ ફિતર યાઅની ઈદુન્નેઅમત મુબારક થાય.**

**આ તહેનીયત તે બેશુમાર નેઅમતોં જે અલ્લાહતઆલાએ ઈમાનો ઈસ્લામના સાયામાં મુમેનીનને આપેલી છે, તેની શુક્રગુઝારી વાસ્તે છે. અલ્લાહતઆલા સબર, શુક્ર અને યકીનની નેઅમતને હમેશા અહલે ઈમાનમાં બાકી રાખે, આમીન.** ✯

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૨૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.